2:44 PM 22/02/2029

# પરિપત્ર

પત્રક્રમાંક:મઉમશબ/પરીક્ષા/SSC/HSC ४३५
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.
તા:- ૨૧/૦૧/૨૦૧૯

પ્રતિશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ. (ગુજરાત રાજય)

વિષય:- બોર્ડની કામગીરી બદલ ફરજ પર ગણવા બાબત.
સંદર્ભ:- તા.૧૨/૧૦/૨૦૧૮ની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની સામાન્ય સભાની બાબત ક્રમાંક:-૧૭/૨૦૧૮ અન્વયે.

મહાશય,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, ગુ.મા અને ઉ.મા. શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા S.S.C. / H.S.C. પરીક્ષામાં પરીક્ષાર્થીએ કરેલ ગેરરીતિ બદલ ખંડ નિરિક્ષક, સ્થળ સંચાલકોને જિલ્લા મથકે જિલ્લાશિક્ષણાધિકારીની ઓફિસે અને ગાંધીનગર ખાતે ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડની ઓફિસે રૂબરૂ હિયરીંગમાં નિવેદન માટે બોલાવવામાં આવે છે. ગેરરીતિ સબબ પકડાયેલા વિદ્યાર્થી સામે ખંડ નિરીક્ષક સ્થળ સંચાલકના નિવેદનનો અગત્યનો આધાર પુરાવો હોવાથી તેમજ સ્થળ સંચાલકો તથા ખંડ નિરીક્ષકોની નિષ્કાળજી બદલ તેમની સામે પગલાં લેતા અગાઉ તેમને સાંભળવાની તક ઉપલબ્ધ કરાવી શકાય તે માટે તેઓને રૂબરૂ બોલાવવામાં આવે ત્યારે તેઓની શાળામાં ગેરહાજરીને D.L. (ફરજ પર ગણવા) ગણવી. તેવો નિર્ણય બોર્ડ દ્વારા કરવામાં આવેલ છે. જેની તમામ સંબંધિતોએ નોંધ લેવી. અને તે મુજબ કાર્યવાહી કરવા શાળાઓને જાણ કરવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
332
(નરીક્ષા)...
૨૧/૧/૧૯

સચિવ
ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

**નકલ સવિનય રવાના:**

(1) માનનીય અધ્યક્ષશ્રી, ગુ.મા.અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
(2) માનનીય નિયામકશ્રી, શાળાઓની કચેરી, જુના સચિવાલય, ગાંધીનગર.
(3) માનનીય ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુ.મા.અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, પરીક્ષા વિભાગ, વડોદરા.
(4) પરીક્ષા સચિવ (એસ.એસ.સી., એચ.એસ.સી. (સામાન્ય/સાયન્સ).

**નકલ રવાના જાણ સારૂ:-**

(1) સંશોધન શાખા, માધ્યમિક શિક્ષણ પરીક્ષણમાં પ્રસિધ્ધ કરવા સારૂ.

તા. ૨૧/૧/૧૯
મ.નં - ૬૨૮/૨૦૧૯

આચાર્યશ્રી, - તમામ શાળાઓ
કચ્છ જિલ્લો.
તમામ કર્મચારીઓને જાણ
કરવા અંગે.